# પ્રસ્તાવના

મારા શૈશવથી હું રેડિયો પ્રસારણના પ્રેમમાં છું. એ વેળા ઘરના બધા સભ્યો રેડિયોની આસપાસ ગોઠવાઈ જતા અને ધ્યાનપૂર્વક સમાચાર સાંભળવામાં આવતા. એ પળથી જ સમાચાર બુલેટિનો સાંભળતી વેળા 'ભાગવતકથા'ની જેમ કોઈ સમાચાર વાંચે કે ક્યારેક શાસ્ત્રીય ગાયનમાં જેને ખૂબીઓ કહેવાય એવા 'aalaap' કે 'મૂરકીઓ' જેવું વાચન સાંભળીને હું ખૂબ હતાશ થઈ જતી. સમાચાર તો સમાચાર કહેવાય, અને એને સીધી, સરળ રીતે શ્રોતાના કાન, મગજ અને દિલમાં પહોંચે એમ વાંચવાના કે બોલવાના હોય!

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય અને ખાસ કરીને આકાશવાણી સાથેના મારા જોડાણથી મને આ ક્ષેત્રમાં અનુભવની થોડી સમૃદ્ધિ મળી છે. રેડિયો પર વિશેષ પ્રેમ હોવા છતાં નવ વર્ષ આકાશવાણીમાં કામ કર્યા પછી જો કે મેં આકાશવાણી છોડી દીધું, પણ આકાશવાણી ભવનની આજ સુધીની દરેકેદરેક મુલાકાત મારામાં નવી ઊર્જાનો સંચાર કરે છે, અને તત્ક્ષણ ઉત્સાહ અને જોશ ભરે છે. હાલના બદલાયેલા સમયમાં અને નવા સ્થાપત્યમાં આજે પણ એકેએક ખૂણો મને ખુલ્લા હાથે આવકારતો હોય અને સાદ પાડતો હોય એમ લાગે છે. આકાશવાણી આજે પણ એ જ ઊર્જાથી ધબકે છે. ઑલ ઇન્ડિયા રેડિયો અર્થાત્ એઆઇઆરમાં હવા (એઆઇઆર) આજે પણ મહાનુભાવોના કર્મનિષ્ઠ ફાળાના પડઘા પાડે છે. થોડાં નામ ગણાવું તો સાહિત્યિક વ્યક્તિ જેવા કે નીરદ સી. ચૌધરી - ટૉક્સ યુનિટ, એસ. એચ. વાત્સ્યાયન - હિન્દી સુપરવાઇઝર, રઘુબીર સહાય - રિપોર્ટિંગ યુનિટ, દીવાન બીરેન્દ્રનાથ - ઉર્દૂ - તબસરા (કૉમેન્ટરી), ધરમવીર ગાંધી અને મહેન્દ્ર દેસાઈ - ન્યૂઝ સર્વિસીઝ ડિવિઝન.

આકાશવાણીના સમાચાર વિભાગમાં મેં 'વિવિધતામાં એકતા' જોઈ અને માણી. એણે મને સહજ દયા, સહકર્મીઓમાં ઊંડો રસ અને વફાદારી શીખવ્યાં છે.

સમાચાર એ ઇતિહાસનો પહેલો ખરડો છે. વિશાળ વિશ્વની ગતિ અને ઘટનાઓ અને સમાચાર પ્રસારણની નાનકડી દુનિયા વચ્ચે સતત પરિવર્તન થતું રહે છે અને આથી સમાચાર હર પળ ફેરફાર માગે છે.

કેટલીક બાબતો, જેવી કે મૂળભૂત માળખાં ક્યારેય બદલાતાં નથી. રિપોર્ટિંગ અને લેખન આજે પણ સમાચારના હાર્દરૂપ છે. કોઈ સ્ટુડિયો શ્રેષ્ઠ હોઈ શકે,

ઉપકરણો અદ્યતન હોઈ શકે, સિગ્નલ્સ જોરદાર હોઈ શકે, થીમ મ્યુઝિક અતિ લોકપ્રિય અને મનહરંત સમાચારની ઉદ્‌ઘોષણા કરતું પણ હોઈ શકે, પરંતુ જો રિપોર્ટિંગ અને આલેખન સચોટ અને સરસ ના હોય તો એ સમાચારનું કશું નહિ ઊપજે. આપની સમક્ષ આ પુસ્તક છે જે સમાચાર કેવી રીતે ભેગા કરવા, અસરકારક રીતે લખીને ચોટદાર રીતે લોકો સમક્ષ પહોંચાડવા તે જણાવે છે. સમાચારલેખન, રિપોર્ટિંગ અને સમાચાર પ્રોડક્શનમાં એ મદદરૂપ બનશે.

મારો ઇરાદો હતો એક સમાચારવાચક તરીકે મારી સફર અને અનુભવો તમારી સાથે વહેંચું, પણ આકાશવાણીમાં પાછળથી કૉરસ્પોન્ડન્ટ તરીકે પણ કારકિર્દી નિભાવ્યા પછી સમાચાર વિભાગનાં બધાં પાસાંને આવરી લેતો બહોળો અનુભવ રજૂ કરું છું. આમ આ માત્ર સમાચારવાચન પૂરતું સીમિત ના રહેતાં સમગ્ર સમાચારજગતને આવરી લેશે. અખબારો, ટેલિવિઝન, ન્યૂઝ પૉર્ટલ, સમાચાર એજન્સીઓ કે રેડિયો પ્રસારણ, એમ સમાચાર સાથે સંકળાયેલાં દરેક એકમો કે સંસ્થાઓ માટે આ પાયાનું, એકસમાન માળખું છે. આદર્શ અને પરિશુદ્ધ સમાચારવાચક બનવા માટે સમાચારનાં બધાં પાસાં જાણવાં જોઈએ અને એ માટે જરૂરી છે એની સપાટીની નીચે જઈ એની પૂરેપૂરી ભાળ મેળવવી. સમાચારનો ઉદ્‌ભવ, અને ભૌતિક તેમજ કાર્યકારી માળખાંને સમજવું જરૂરી છે. સમાચારની સાથે તેને લગતાં બીજાં પણ ઘણાં એકમો છે જે સમાચારના પરિઘમાં કામ કરે છે. એ સમજવાં અને જાણવાં લાભદાયક રહેશે.

આકાશવાણીના તમામ પ્રાદેશિક સમાચાર એકમોને આજે જે તે રાજ્યોમાં ખસેડી દેવામાં આવ્યાં છે. આ એકમો છેલ્લાં સાઠ કરતાં વધુ વર્ષોથી પાટનગર દિલ્હીથી જ રાષ્ટ્રીય સમાચાર આપતાં હતાં. આજે દરેક પ્રાદેશિક બુલેટિનની અંગ્રેજી કૉપી દિલ્હીમાં તૈયાર કરાઈને પ્રાદેશિક કેન્દ્ર પર ભાષાંતર અને વાચન માટે મોકલવામાં આવે છે. પ્રાદેશિક કેન્દ્રોને આમાં ત્રીસ ટકા પ્રાદેશિક સમાચારો એના સંકલન અને એડિટિંગ બાદ ઉમેરવાની છૂટ છે. આ દૃષ્ટિએ આ પુસ્તક મદદરૂપ બની રહેશે.

અહીં આકાશવાણી, દિલ્હીના ઇતિહાસ, જરૂરિયાત, ઉદ્‌ભવ અને એની ઇમારતની થોડી વાત કરી છે. આકાશવાણીના સ્થાપત્ય અને ભવનની વાત એટલા માટે કરી છે કે વિશ્વભરમાં રેડિયો પ્રસારણ કરતી ઇમારતોમાં આ ઇમારતનું સ્થાપત્ય અનોખું છે.

કલ્પના પાલખીવાલા

# માહિતી અને પ્રસારણ મંત્રાલય

- માહિતી અને તેના વિભાગો
- પ્રસારણ અને તેના વિભાગો
- ફિલ્મ્સ અને તેના વિભાગો
- આકાશવાણી - માળખું અને હાર્દ

દરેક વ્યક્તિની પોતાની એક આગવી શૈલી હોય છે અને એવું જ પ્રત્યેક સંસ્થાનું હોય છે. દરેક સંસ્થા પોતાની આગવી શૈલી અને આગવી ઓળખ ઊભી કરે છે. એકવીસમી સદીમાં પ્રવેશેલી આકાશવાણી એક લોકશાહી દેશમાં સૌથી મોટી સમાચાર સેવા સંસ્થા બનીને ફેલાઈ છે. 1936માં વિનમ્ર શરૂઆત સાથે આજે એ સમગ્ર દેશમાં છસો જેટલાં બુલેટિનો પ્રસારિત કરે છે. દિવસમાં તો માત્ર 24 કલાક હોય છે, પણ આકાશવાણીનો દિવસ લગભગ બેવડા કલાકો સુધી ફેલાયો છે. આકાશવાણી અનોખી રીતે સમાચાર રજૂ કરતી આવી છે, પણ હંમેશાં એના એડિટરો, સમાચારવાચકો, કેન્દ્ર અને રાજ્ય સ્તરો તેમજ વિદેશોમાં નિમાયેલાં કૉરસ્પોન્ડન્ટ્સ વર્ષોવર્ષ તેમના પૂર્વ-અધિકારીઓએ આપેલા સમાચારો અને એમણે સ્થાપેલાં ધોરણોને અનુરૂપ સમાચાર આપતાં રહ્યાં છે. ભારતમાં પ્રસારણ ખૂબ જૂનું છે અને વિદેશી શાસનકાળથી શરૂ થઈ આઝાદ દેશના કબજામાં આવ્યું છે. દેશના કેન્દ્રીય મંત્રીમંડળની રચના સાથે તે એક મંત્રાલય હેઠળ સ્થાન મેળવે છે. આ પ્રસારણનો આરંભ, રૂપાંતરણ, એની ઇમારત અને હાલની સ્થિતિ વિશે અહીં માહિતી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલય ભારત સરકારના કેન્દ્રીય મંત્રીમંડળનું એક મંત્રાલય છે. ભારતમાં માહિતી, પ્રસારણ, અખબારજગત અને ફિલ્મઉદ્યોગની સરળ, સુચારુ કામગીરી અને વહીવટ માટે નિયમો અને નિયમનો ઘડનારી આ શીર્ષ સંસ્થા છે. એ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે - માહિતી, પ્રસારણ અને ફિલ્મો.

## માહિતી અને એના વિભાગો

માહિતી વિભાગ સરકારની નીતિઓ, કાર્યક્રમો, એમાં મળેલી સફળતા,

વિકાસકાર્યો વગેરેની જાણકારી વિધ વિધ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચાડે છે. એમાં ડાયરેક્ટરેટ ઑફ ઍડ્વરટાઇઝિંગ ઍન્ડ વિઝ્યુઅલ પબ્લિસિટી (ડીએવીપી); ડાયરેક્ટરેટ ઑફ ફીલ્ડ પબ્લિસિટી (ડીએફપી); ફોટો ડિવિઝન; ડાયરેક્ટરેટ ઑફ પબ્લિકેશન્સ ડિવિઝન (ડીપીડી); રિસર્ચ, રેફરન્સ ઍન્ડ ટ્રેનિંગ ડિવિઝન (આરઆરટી); સૉન્ગ ઍન્ડ ડ્રામા ડિવિઝન; ઑફિસ ઑફ ધ રજિસ્ટ્રાર ઑફ ન્યૂઝ પેપર્સ ઑફ ઇન્ડિયા (આરએનઆઇ); પ્રેસ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા; પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (પીઆઇબી) અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ માસ કમ્યુનિકેશન (આઇઆઇએમસી ) આવે છે.

## સમાચાર સેવા પ્રભાગ (એનએસડી)- કાર્યાલય

સમાચાર સેવા પ્રભાગના વડા પ્રિન્સિપાલ ડાયરેક્ટર જનરલ (મહાનિદેશક) છે. ઇન્ડિયન ઇન્ફર્મેશન સર્વિસના સૌથી વરિષ્ઠ અને બાહોશ અધિકારીની આ પદ પર વરણી થાય છે.

એમના હાથ નીચે ત્રણ ઍડિશનલ ડાયરેક્ટર જનરલ (એડીજી-અપર મહાનિદેશક) કામ કરે છે. તેઓની કામની વહેંચણી રિપોર્ટિંગ અને કૉ-ઑર્ડિનેશન અને સમાચાર, હિન્દી અને અંગ્રેજી હોય છે. આ સિવાય તેઓ અન્ય વિભાગો જેવા કે **રિપોર્ટિંગ, કરંટ અફેર્સ, ટૉક્સ, રિસર્ચ ઍન્ડ રેફરન્સ, બિઝનેસ ડેસ્ક, સ્પૉર્ટ્સ ડેસ્ક, ન્યૂઝ રીલ, મૉનિટરિંગ યુનિટ, પ્રાદેશિક સમાચાર એકમો વગેરેની પણ દેખરેખ કરે છે.**

**એડીજીના હાથ નીચે આવતા જનરલ ન્યૂઝ રૂમ અને હિન્દી ન્યૂઝ રૂમ એ બંનેના મુખ્ય કર્તાધર્તા એડિટર ઇન ચીફ છે. વિવિધ સ્રોતો અને પૂલ કૉપીમાંથી સમાચાર એકઠા કાર્ય બાદ જે તે પ્રદેશ અનુસાર સમાચાર પસંદ કરી તેને ડાયરેક્ટરને મોકલવામાં આવે છે. ત્યાર બાદ ડેપ્યુટી ડાયરેક્ટર, આસિસ્ટન્ટ ડાયરેક્ટર વગેરે સમાચાર એડિટ કરી, ફાઇનલ સમાચાર આઇટમ તૈયાર કરે છે. જોકે બુલેટિનની હેડલાઇન-મુખ્ય સમાચાર એડિટર ઇન ચીફ પસંદ કરે છે અને ખાસ પરિસ્થિતિમાં પ્રિન્સિપાલ ડાયરેક્ટર જનરલ સાથે ચર્ચા કરીને હેડલાઇન નક્કી કરાય છે.**

## પ્રસારણ અને તેના વિભાગો

ભારત સરકારની પ્રસારણ પાંખ પ્રસારણના વહીવટ માટે જવાબદાર છે. પ્રસારણમાં 14 વિભાગો છે. સૌ પ્રથમ નામ પ્રસાર ભારતી બધાને યાદ

આવે છે. આ વિભાગમાં ટેક્નિકલ એકમો પણ છે, જેવાં કે કન્ડિશનલ એક્સેસ સિસ્ટમ (CAS), કમ્યુનિટી રેડિયો સ્ટેશન્સ, દૂરદર્શન, આકાશવાણી (All India Radio), બ્રૉડકાસ્ટ કન્સલ્ટિંગ ઇન્ડિયા લિમિટેડ, અપલિન્કિંગ-ડાઉનલિન્કિંગ ઑફ ટીવી ચૅનલ્સ, કન્ટેન્ટ રેગ્યુલેશન ઑન પ્રાઇવેટ ચૅનલ્સ, ડાયરેક્ટ ટુ હોમ (DTH), ઇન્ટરનેટ પ્રોટોકોલ ટેલિવિઝન (IP TV); હેડ ઍન્ડ ઇન ધ સ્કાય (HITS); ડિજિટલ ટેલિવિઝન ટ્રાન્ઝિશન; રેડિયો ઍન્ડ ટેલિવિઝન લાઇસન્સ એરાઉન્ડ ધ વર્લ્ડ અને બ્રૉડકાસ્ટિંગ ઑથોરિટી ઑફ ઇન્ડિયા, 1977.

## ફિલ્મ્સ અને તેના વિભાગો

ફિલ્મ્સ વિભાગમાં ડાયરેક્ટોરેટ ઑફ ફિલ્મ ફેસ્ટિવલ; ફિલ્મ્સ ડિવિઝન (FD); સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ્સ સર્ટિફિકેશન, ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટી ઑફ ઇન્ડિયા; ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા, પુણે (FTII); ફિલ્મ સર્ટિફિકેટ ઍપલેટ ટ્રિબ્યુનલ; નૅશનલ ફિલ્મ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા (NFAI); સત્યજિત રે ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ (એસઆરએફટીઆઇ) અને નૅશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કૉર્પોરેશન છે.

પ્રસારણ પાંખમાં આરંભે માત્ર આકાશવાણીથી સમાચારનું પ્રસારણ થતું હતું. આકાશવાણીએ દુનિયાના શ્રેષ્ઠ સમાચારવાચકો આપ્યા છે, જેમાં મેલ્વિલ ડીમેલો, રોશન મેનનની સમકક્ષ આજે પણ કોઈ ના આવે.

આ ઉપરાંત લોતિકા રત્નમ, શુરોજિત સેન, બરુન હલદર, સુશીલ ઝવેરીને લોકો આજે પણ યાદ કરે છે. સમય બદલાતાં અને દૂરદર્શન દાખલ થતાં સમાચાર દૂરદર્શન પરથી પણ પ્રસારિત થવા લાગ્યા.

સમાચાર અને એના વાચનને કેન્દ્રમાં રાખી પુસ્તક લખવાનો આરંભ તો કર્યો, પરંતુ સમાચારનો ઉદ્ભવ, એની સાથે સંકળાયેલા લોકો - એડિટર્સ અને એકમોને ના સમજીએ તો સમાચાર આત્મા વગરના ખોળિયા જેવા લાગશે. ઉપરાંત આજ એડિટર્સ મંત્રાલયના અન્ય વિભાગોમાં શી કામગીરી બજાવે છે તેનો આછો ખ્યાલ આપ્યો છે.

## આકાશવાણી - એનું ખોળિયું અને આત્મા

બ્રૉડકાસ્ટિંગ હાઉસ એટલે એક નાજુક, સ્વપ્ન જેવી ઇમારત. ત્રણ ગોળ છીપમાંથી બનાવી હોય તેવી એક ઇમારત. એક છીપ વચ્ચે અને બે વિરુદ્ધ

દિશામાં ફેલાયેલી લાંબી ગલીઓ પર એક એક છીપ અને આ છીપોને જોડતા કાચના દરવાજાવાળા નાજુક કમરાની હાર. એ એવી તો પતંગિયાની પાંખ જેવી હલકી લાગે! ના એ લંબચોરસ, ના ચોરસ, ના ભવ્ય, ના નક્કર, ના કોઈએ પહેલાં જોઈ હતી કે વિચારી હતી! આમ લાગે ગોળાકાર, પણ ગોળાકાર જરાય નહિ. સર્જનતાના કેફમાં રમતા અને ખોવાયેલા રહેતા લેખકો, ગાયકો અને કલાકારો માટે આવી જ ઇમારત હોવી જોઈએ. એવું લાગે કે કોઈ વિશાળકાય પક્ષી ગગનેથી ઊડતું ઊડતું આવીને પાંખ ફેલાવીને, હળવાશથી જમીન પર ઠરીઠામ થઈ ગયું છે, કશાય બોજ વગર, કશાય ઉધામા વગર.

આ ઇમારતના સ્થપતિ કોણ હતા તેની તો જાણ નથી મળતી, પરંતુ આ ઇમારત ઊભી કરવામાં લિયોનેલ ફિલ્ડન કે જેઓને 'કંટ્રોલર ઑફ બ્રૉડકાસ્ટિંગ'ના પદ પર બીબીસી, લંડનથી મોકલવામાં આવ્યા હતા, તેમનો ફાળો વિશેષ જણાય છે. તેઓ આગળ, ઉપર ડાયરેક્ટર જનરલ બન્યા હતા. એમ લાગે છે કે લિયોનેલે એ સ્થપતિ સાથે ભારે ટક્કર લીધી હશે. લિયોનેલને ઇમારત ખૂબ મજબૂત, પણ કલામય દેખાય તેવી, અને ઇમારતના બધા ભાગમાંથી બ્રૉડકાસ્ટરો પ્રસારણ માટે સ્ટુડિયોમાં ઓછામાં ઓછા સમયમાં પહોંચી શકે એવી જોઈતી હતી.

---

*1 બરાક : કમરાઓની હારમાળા*

*2 આકાશવાણીના નવીનીકરણમાં આ બરાકો જમીનદોસ્ત કરાઈ છે અને જનરલ ન્યૂઝ રૂમ નવા બિલ્ડિંગમાં મોકલાયો છે. નવા બિલ્ડિંગની ડિઝાઇનમાં, જો કે ગુંબજ આકાર જાળવવામાં આવ્યો છે.*